જલા કરેગા ભલા
SHREE JALARAM MANDIR CHICAGO
જનસેવા એજ પ્રભુસેવા
તેજસ્વીના વધિ તમસ્તુ

શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

૪૨૫, ઈલીનોઈઝ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ - ૬૦૧૬૯
Phone : (847) 490 JALA(5252) Fax : 847 519 2215

જાન્યુઆરી - ૨૦૨૧ વર્ષ - ૧૧ અંક - ૪૧

## :Program:

**Jalarambapa Punyatithi**

Monday, Mar. 8

Bhajan

Time: 5:30PM

**Mandir Sthapna Din**

Monday, Mar. 8

**Mahashiv Ratri**

Thursday, Mar. 11

Time: 5:00PM

**Holi Utsav**

Sunday, Mar. 28

Time: 5:00 PM

## *President's Massage*

પ્રમુખ સ્થાને થી

**સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દુઃખભાગ ભવેત ।।**

સૌ પ્રથમ આપ સર્વેને મારા સાદર પ્રણામ. જય જલારામ.

મારુ નામ રાજેન્દ્ર જયંતીલાલ છે અને હું શ્રી જલારામ મંદિર સાથે, મંદિર નિર્માણ/સ્થાપનાથી આજ સુધી કાર્યરત છું. મંદિરના વિકાસ માટે મેં મારી સેવાઓ આપેલી છે અને હવે મારી પસંદગી મંદિરના President તરીકે થયેલી છે. હું મંદિર અને મંદિરના ભક્તજનોની સેવા સંપૂર્ણ નિષ્ઠાથી કરવાની આપ સર્વેને ખાતરી આપું છું.

હાલના પ્રવર્તમાન સંજોગોને લઈને મંદિરની સઘળી પ્રવૃત્તિઓ સ્થગિત થયેલ છે. ઘણા બધા ઉત્સવો આપણે સમૂહમાં ઉજવતા હતા તે ઉજવી શક્યા નથી. પાટોત્સવ, નવરાત્રી, આઠમનું માતાજીનું હવન, દિવાળીના પ્રસંગો, શ્રી જલારામ જયંતી, તુલસી વિવાહ તેમજ નવગ્રહ પૂજા જેવા પ્રસંગો પણ

સાદગીથી સંપન્ન કરેલ છે અને મંદિરના બન્ને પૂજારીશ્રી દૈનિક પૂજા નિયમિત રીતે કરતા રહે છે.

આગામી દિવસોમાં પૂજય શ્રી જલાબાપાની પુણ્યતિથિ, મહાશિવરાત્રી અને હોળીના પ્રસંગો પણ મર્યાદીત યજમાન સેવાથી સંપન્ન કરવા પડશે. જો આપને અથવા આપના સગા/સંબંધીને યજમાન સેવાનો લાભ લેવો હોય તો મંદિરનો સંપર્ક કરવા વિનંતી છે.

મંદિરમાં છેલ્લા કેટલાક માસમાં ભક્તજનોની સેવામાટે

1. Basementમાં privacy માટે નવો દરવાજો મુકવામાં આવ્યો
2. કિચનમાં વધુ સ્ટોરેજ કરી શકાય તે માટે સ્ટોર રૂમ મોટો કરવામાં આવ્યો
3. મંદિરમાં ગર્ભગૃહની શોભા વધારવા માટે નવી રંગીન લાઈટો નાખી
4. નવગ્રહ ભગવાન માટે નવું ગર્ભગૃહ ઇન્ડિયામાં બનાવડાવ્યું છે જે ટૂંક સમયમાં આવી જશે તેથી તેની પણ શોભા વધશે.

આપણા મંદિર દ્વારા Covid-19ના કપરા સંજોગોમાં પણ 1. હેલ્થ કલીનીક, 2. આયુર્વેદિક કલીનીક, 3. Food Pantryને અનાજ દાન કર્યું, 4. Mask નું વિતરણ કર્યું, 5. Hoffman Village Police Departmentને Sanitizerનું દાન કરવામાં આવ્યું અને 6. મંદિરના ભક્તજનો ને વિનામૂલ્યે ફ્લૂ શોટ આપવા જેવા ઉમદા સેવાકીય કાર્યો પણ ચાલુ રાખેલ છે/કરેલ છે.

મંદિરમાં બાલવિહાર તેમજ ગુજરાતીના વર્ગોનો કાર્યક્રમ ચાલે છે જે આપણા સમાજના ભાવિ બાલધનને સારે માર્ગે જઇ ઉમદા જીવન પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો પણ કરવામાં આવે છે તો બાલધનને આ ઉમદા પ્રવૃત્તિનો લાભ લેવા અને પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

મંદિરના વિકાસના કાર્યો પણ આપણે ચાલુ રાખીશું અને આ માટે પહેલા જેવો આપનો સાથ સહકાર આપવા વિનંતી છે. મંદિરના વિકાસ અને ભક્તજનોની સારી સેવા કરવા માટે આપના વ્યવહારૂ સૂચનો હંમેશા સ્વિકાર્ય છે.

Covid-19ના કપરા સમયમાં આપણે ઘણા ભક્તજન અને તેમના કુટુંબીજનો ગુમાવ્યા છે, તેના માટે મંદિર ખૂબ દુઃખ વ્યક્ત કરે છે અને તેઓને પૂજ્ય જલાબાપાના ચરણોમાં સ્થાન મળે તેવી પ્રાર્થના પણ કરે છે.

અંતમાં પૂજ્ય જલાબાપા સર્વેનું કલ્યાણ કરે અને તંદુરસ્ત જીવન અર્પે તેવી પ્રાર્થના.

દેને કો ટુકડો ભલો લેને કો રામનામ

હિલ મિલકે રહીએ, યહી જલારામ કા પૈગામ.

જય જલારામ

**રાજેન્દ્ર ઠક્કર - પ્રમુખ**

## શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્લોક અનુવાદ

**યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।**

**ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ || 16 | 23**

જે મનુષ્ય શાસ્ત્રવિધિ છોડી દઈને પોતાની ઈચ્છાથી વર્તે છે, તે ન તો સિદ્ધિને પામે છે, ન તો સુખને કે ન તો પરમ ગતિને પ્રાપ્ત થાય છે.

## " જલારામ દર્પણ ભેટ યોજના "

આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.

| | |
|---|---|
| વલ્લભભાઇ પટેલ | $ 66.00 |
| રામભરોસે | $ 209.00 |
| ચાંદની ઠક્કર | $ 21.00 |
| શિલ્પા અને તરુણ મેહતા | $ 51.00 |
| મનહરભાઈ અને મધુ મોદી | $ 25.00 |
| રાજેન્દ્રકુમાર અને સીલ પટેલ | $ 51.00 |
| મયુરી ગાંધી | $ 21.00 |

# ॥સુખી માણસનું પહેરણ ॥

એક ગરીબ માણસ સુખી થવાની ઈચ્છાથી કોઈ એક મહાત્મા પાસે ગયો અને તેમને વિનંતી કરી કે, 'મહારાજ એવું કાંઈ કરો જેથી હું સુખ પ્રાપ્ત કરી શકું.' મહાત્માએ કહ્યું: 'ભાઈ તું એક કામ કર. ક્યાંયથી પણ કોઈ એક સુખી માણસનું પહેરણ લઈ આવ. એ પહેરણ તું પહેરીશ તો સુખી થઇ જઈશ.'

પેલા માણસને થયું કે આ તો બહુ સરળ ઉપાય છે. સુખી તો કેટલાય માણસો આ જગતમાં દેખાય છે. એમાંથી એકાદનું પહેરણ મેળવવામાં કોઈ મુશ્કેલી પડશે નહીં. તરત જ તે શહેરના ખુબ સુખી જણાતા ધનવાન માણસ પાસે ગયો અને કહ્યું : 'આપનું એક પહેરણ મને ન આપો?' ધનવાને કહ્યું, 'એક શું, બે પહેરણ આપું, પણ મારું પહેરણ તારે શું કામ જોઈએ છે?' સરળતાથી ગરીબ માણસ બોલ્યો, 'આપ સુખી છો. મને એક મહાત્માએ કહ્યું છે કે હું જો કોઈ સુખી માણસનું પહેરણ પહેરીશ તો સુખી થઇ જઈશ.' આ સાંભળી ધનવાન પળવાર માટે વિચારમાં પડી ગયો. પછી તે માણસ એને બાજુમાં લઈ ગયો અને ધીરેથી કહેવા લાગ્યો: 'હું સુખી છું તેમ તું કહે છે પણ મારું રહસ્ય હું તને કહી દઉં. આ બધું બહારથી ગમે તેવું સારું દેખાતું હોય પરંતુ મને તો રાત્રે ઊંઘ પણ આવતી નથી. રાત્રે સૂતી વખતે મારે રોજ ઊંઘની ગોળીઓ લેવી પડે છે અને સવારે ઇન્સ્યુલિન લેવું પડે છે. ઘી વગરની લુખ્ખી બે જ રોટલી મારે ખાવાની હોય છે. મિષ્ટાન મને ખૂબ પ્રિય હોવા છતાં મધુપ્રમેહને કારણે મારા માટે એ ઝેર સમાન છે અને તેથી તેની સામે નજર પણ કરી શકતો નથી. ધંધા માં આટલા બધા પૈસા રોક્યા છે તેનું શું થશે તેની ચિંતા હંમેશાં રહ્યા જ કરે છે. આમ પારાવાર ચિંતાઓ છે. તેથી મને સુખી માનવાની ભૂલ કરતો નહીં. મને લાગે છે કે મારું પહેરણ તને કામ નહીં લાગે. કોઈ ખરેખર સુખી માણસનું પહેરણ લઈ આવ.'

આ બિચારો ગરીબ માણસ સુખી દેખાતા કાંઈ કેટલાયે માણસો પાસે ગયો. પરંતુ દરેકને કાંઈને કાંઇ કહેવાનું હતું જેનાથી સ્પષ્ટ થતું હતું કે સુખને અને એ માણસને બાર ગાઉને છેટું હતું તેથી તેણે ધાર્યું કે બધા જ ધનવાન

માણસો એક કે બીજી રીતે દુઃખી છે. તેથી તે પહેરણ માટે મધ્યમ વર્ગના અને પછી ગરીબ વર્ગના પણ અનેક માણસોને મળ્યો. કેટલુંય રખડયો. પરંતુ એને એકેય ઠેકાણે સુખી માણસ જ જડયો નહીં.

અંતે કોઈએ કહ્યું કે, 'દૂર જંગલમાં એક ઝૂંપડી છે. તેમાં એક મહાત્મા રહે છે તે સુખી છે, એમનું પહેરણ લઈ આવ.' તે જંગલમાં મહાત્માની ઝૂંપડીએ ગયો. ત્યારે ઝૂંપડીમાંથી ખડખડાટ હાસ્યનો, જીવનના પરમ આનંદનો અવાજ આવતો તેણે સંભાળયો. તેને ખાતરી થઈ કે 'આ જરૂર કોઈ સુખી માણસ છે. એનું પહેરણ આબાદ કામ લાગશે.' તેણે ઝૂંપડીનું બારણું ખટખટાવ્યું. અંદર થી અવાજ આવ્યો, 'કોણ છે? શું કામ છે?' પેલા ગરીબ માણસે કહ્યું: ' મહારાજ! મારે આપનું પહેરણ જોઈએ છે જ પહેરીને હું સુખી થઈ જાઉં.' એ જ ખડખડાટ હાસ્ય સાથે મહારાજે બારણું ખોલ્યું. એમના શરીર પર પહેરણ જ નહોતું! પોતાના મુક્ત હાસ્યનું રહસ્ય સમજાવતાં એમણે કહ્યું, 'જે પહેરણ પહેરે તે સુખી હોય જ નહીં.' હવે, સુખ ક્યાં છે તે સમજાવવાની તને જરૂર લાગે છે?

સુખ તો પતંગિયા જેવું છે. તેની પાછળ દોડનારને તે વધારે ને વધારે દોડાવ્યા કરે છે. પરંતુ માનવી પોતાનું ધ્યાન સુખની દિશાને છોડીને બીજી દિશામાં વાળી લ્યે તો સુખ હળવેકથી આવીને તેના ખભા ઉપર બેસી જાય છે... સંતોષ વગરનું સુખ એ સુવર્ણમૃગ જેવું છે. તે તો દૂરથી જ રળિયામણું લાગે છે.સુખી અને આનંદમય જીવન ઇચ્છતા હો તો જીવનમાંથી લોભ અને તૃષ્ણાને તિલાંજલિ આપી દેજો; અને સંતોષને વધારજો... સંતોષ તમારા જીવનને સુખથી ભરી દેશે. સંતોષ એ સંસારનું સર્વોપરી સુખ છે...

સંકલન

**ધર્મેન્દ્ર પંડ્યા**
**જલારામ મંદિર, શિકાગો**

હે ભગવાન
તને
પ્રણામ

## ॥સુભાષ બાબુ ના ૧૨૫ માં જન્મ જયંતી ના ઉપલક્ષ્યમાં વીરવંદના ॥




**એ મેરે વતન કે લોગોં, જરા આંખ મેં ભર લો પાની,**

**જો શહીદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની.**

કવિ પ્રદીપના આ ગીતે ઘણાંને આંખોમાંથી અશ્રુધારા વહાવી છે. શહીદોની કથાઓ જ એવી હોય છે, રોમાંચક, વીરત્વસભર, સાહસસભર અને કરુણ.

હિન્દુસ્તાનની આઝાદીનો પ્રથમ શહીદ મંગળ પાંડે. દેશના યુવાનોને આઝાદી માટે પ્રાણન્યોછાવરીનો મંત્ર એણે આપ્યો. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં સૌથી પહેલો શંખનાદ મંગળ પાંડેએ કર્યો. ૧૮૫૭ના ઇતિહાસનું પ્રથમ પાનું એણે રોકી લીધું. એણે જ પોતાના રક્તથી પોતાની કુરબાનીની કથા આલેખી.

મંગળ પાંડે પછી સત્તાવનના સંગ્રામમાં શહીદોની એક હારમાળા નજરે ચડે છે. ઇતિહાસ જોતાં ઉડીને આંખે વળગે છે આ હારમાળા.

કેટકેટલા આઝાદીના પરવાનાઓ સ્વાતંત્ર્યની જ્યોત ઉપર જલી ગયા ! નાનાસાહેબ પેશ્વા, તાત્યા ટોપે, ઝાંસીની રાણી લક્ષ્મી, બહાદુરશાહ જફર. આટલા તો ફક્ત સૂત્રધારો, નામી, અનામી બીજા સેંકડો-હજારો !

પછી એક બીજો તબક્કો શરુ થયો. દેશભક્ત બાલ ગંગાધર તિલકે સૌથી

પહેલો મહામંત્ર ફૂંક્યો.

'સ્વરાજ્ય મારો જન્મસિધ્ધ અધિકાર છે.'

તિલક, ગોખલેથી દેશભક્તોની એક બીજી હારમાળા શરુ થઇ અને સ્વાતંત્ર્યસંગ્રામ પછીનો અવકાશ આ રીતે પુરાયો. ઓફકોર્સ, સ્વાતંત્ર્યસંગ્રામ અને ત્યાર પછી તિલક- ગોખલેના કાર્ય વચ્ચેનો ગાળો અવકાશથી ભરેલો છે. આ વચ્ચેના સયયગાળા દરમિયાન આઝાદી હાંસલ કરવાનો કોઈ પ્રયત્ન થયો હોય એમ ઇતિહાસ આપણને કહેતો નથી.

તિલક-ગોખલે પછી આઝાદીની ચળવળે જોર પકડયું. શ્રેષ્ઠ દેશભક્તોની હારમાળા આગળ આવી. ક્રાંતિકારીઓ અને અહિંસક બંને પ્રકારના દેશભક્તોની જાણે બાઢ આવી. વીર સાવરકરની અનન્ય દેશદાઝ તો જગપ્રસિધ્ધ છે. એનું જીવન અને કાર્ય, એના સાહસો, એની જવાંમર્દી અને એના પુરુષાર્થનો જોટો જડે એમ નથી.

એ દરમિયાન મહાત્માજી આવ્યા અને લડતનું સુકાન સાંભળ્યું. ભલાભાઈ દેસાઈ, કનૈયાલાલ મુનશી, ચક્રવર્તી રાજગોપાલાચારી, ડોકટર રાજેન્દ્રપ્રસાદ, જવાહરલાલ નહેરુ, સરોજીની નાયડુ, રવીન્દ્રનાથ ટાગોર, વલ્લભભાઈ પટેલ, મૌલાના આઝાદ, મહમદઅલી જિન્હા, જયપ્રકાશ નારાયણ, આચાર્ય ક્રિપલાણી અને બીજા પણ કેટલા ! ચંદ્રની આસપાસ નક્ષત્રમંડળ ઝળહળે એમ મહાત્મા ગાંધીની આસપાસ અસંખ્ય દેશભક્તો આવી બેઠા.

ક્રાંતિકારીઓમાં અમર શહીદ ભગતસિંહ, જતીન દાસ, રાજ્યગુરુ, સુખદેવ, ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ બિસ્મીલ અને બીજા અનામી સેંકડો !

સુભાષચંદ્ર બોઝ આ બધાથી અલગ તરી આવે છે. નથી એમને આપણે ગાંધી-જવાહરની પંક્તિમાં બેસાડી શકતા કે નથી એમને આઝાદ-ભગતસિંહની હરોળમાં મૂકી શકતા.

સુભાષનું વ્યક્તિત્વ સૌથી અલગ, સૌથી અનોખું રહ્યું છે. મહાત્માજીની ચાણક્ય નીતિ, લડત ચલાવવાની વ્યવ્હારકુશળતા, પ્રજાના પ્રાણને

જગાડવાની આવડત, પ્રચંડ નેતૃત્વ, પ્રખર બુદ્ધિ, અજોડ વિદ્વતા, કુનેહ વગેરે સુભાષને ગમતાં હતાં, પણ મહાત્માજીની અહિંસા એણે ગળે ઉતરી જ નહિ, મહાત્માજીની કાર્યપ્રણાલી પણ એણે પસંદ ન હતી, ચરખો કાંતવાથી દેશ આઝાદ બની જાય એ વાતમાં એને જરાય દમ ન લાગેલો, આ કારણોસર મહાત્માજી સાથે એને મતભેદ વધી પડયા.

સામી બાજુએ ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહની કાર્યપદ્ધતિ, ઝડપ, ચપળતા અને મૃત્યુનો મુકાબલો કરતાં રોમાંચક સાહસો એને ગમતાં હતાં, પણ ક્રાંતિવીરો વ્યવસ્થિત ન હતા, શઠ રાજનીતિજ્ઞો ન હતા.

પોતાના એકાંત કારાવાસ દરમિયાન સુભાષે એક તપશ્ચર્યા સાધના-એકાંત સાધના કરી હતી. કયો માર્ગ સ્વીકારવો એ એને પસંદ કરવાનું હતું. આ એકાંત કારાવાસે એને ચિંતન અને મનન પૂરું પાડયું. કઠોર સાધના પછી એને પોતાનું સત્ય સાંપડયું અને પછી પોતાના સત્યને કાર્યમાં મૂકવા કમર કસી.

પોતાના જાગૃત, સાવધ ચોકીદારોને જાગતા રાખી એ છટક્યા, પ્રહરીઓને કલ્પના પણ ન હતી કે એમનું કેદ કરેલું પંખી તો ક્યારનું ઉડી ગયું છે. સરકારને જાણ થાય, સરહદોને સીલ લાગે એ પહેલાં એ સરહદ પાર કરી ગયા.

સુભાષ હિંસા કરવા માગતા હતા પણ ક્રાંતિવીરોની જેમ અલપઝલપ કે એકલદોકલ નહિ. એ વીર હતા, યુદ્ધભૂમિ ઉપર જ હિસાબ ચોખ્ખો કરવામાં માનતા હતા. એના ભવ્ય પુરુષાર્થ એની રણ ઉત્સુકતા એના સ્વભાવની જ દેણ છે.

મહાત્માજી વિષેની એની માન્યતા વિવાદાસ્પદ છે. ગાંધીજી વિષેની એની ધારણાઓ એની અંગત છે. અહિંસાનો શસ્ત્ર તરીકે ઉપયોગ ન થઇ કે એવી સુભાષની દલીલ વ્યાજબી તો નથી જ, કારણ કે આપણી સામે મૃત્યુ તો ઊભું જ છે, પણ મહાત્માજી પ્રત્યેની એની ભક્તિને તો કોણ પડકારી શકે ? હિન્દુસ્તાનના અન્ય દેશભક્તો પ્રત્યેની એની ઉષ્મા પણ એવી જ છે - અટલ અવિચલ.

રોમાંચકતા, સાહસ અને રહસ્ય સુભાષને સ્વભાવગત રહ્યા છે. સુભાષનું છેલ્લું ઉડ્ડયન પણ એવું જ રહસ્યમય છે. સુભાષ હાલને તબક્કે જીવે છે કે મૃત્યુ પામ્યા છે એવું હજીય નક્કી નથી થઇ શક્યું. બે કે પાંચ વર્ષે એના જીવંત હોવાની અફવા જોરદાર રીતે ફેલાય છે, બે કે પાંચ વર્ષે દેશવાસીઓમાં એક આનંદલહેર આવી જાય છે. લોકો તુર્ત જ વાતો કરવા લાગે છે.

કર્નલ શાહનવાઝ કહે છે: 'ફોર્મોસમાં એમનું વિમાન તૂટી પડયું. અમારા પ્યારા નેતાજી અમને છોડી ચાલ્યા ગયા'

સુભાષની સાથે જ પ્લેનમાં જઈ રહેલા કર્નલ હબીબુર રહેમાને કહ્યું: 'હું એમની સાથે જ હતો, અમારું વિમાન તૂટી પડયું કે તોડી પાડવામાં આવ્યું એ હું કહી શકું એમ નથી, કારણ કે એવું વિચારવાનો મને હજુ અવકાશ જ મળ્યો નથી. નેતાજી જીવલેણ રીતે ઘવાયા. એમના અંતિમ શ્વાસ ચાલી રહ્યા હતા ત્યારે એમને મને કહ્યું કે કર્નલ, તમે મારા દેશબાંધવોને કહેજો કે હું એક યોદ્ધા તરીકે જીવ્યો છું અને યોદ્ધા તરીકે મરુ છું. દેશ, માતૃભૂમિની આઝાદી મેળવવા મેં મારાથી શક્ય પ્રયત્નો કર્યા છે. એમને કહેજો રહેમાન, કે શહીદોના રક્ત કદીય એળે જતાં નથી.'

કર્નલ રહેમાન પાસે નેતાજીની ચિતાભસ્મ અને નેતાજીનું કાંડાઘડિયાળ પણ હતું. સુભાષના મૃત્યુ અંગે કોઈ શંકા ન રહી.

પણ કર્નલ રહેમાનની વાતને થોડા સમય પછી પડકારાઈ, સુભાષ જીવંત છે અને રશિયામાં છુપાઈ રહ્યા છે એવી હવા વહેતી થઇ. પાંચ વરસ પછી સ્વતંત્ર ભારતની લોકસભામાં પણ આ વાત ચર્ચાઈ છે.

'સુભાષ જીવે છે !'

'સુભાષ એના એકાન્તવાસમાંથી બહાર આવે છે !'

'સુભાષ આજકાલમાં જ ભારતને કાંઠે આવી ઊતરશે.'

'સુભાષ હવે રહસ્ય ઉપરથી પડદો ઉંચકી રહ્યા છે.'

વર્તમાનપત્રો, લોકચર્ચાઓ, અફવાઓનો એક ગુબ્બારો દર પાંચ વરસે ચડે છે.

સુભાષ જીવંત છે કે મૃત્યુ પામ્યા છે એ વાત કોઈ નથી જાણતું, જાણે છે ફક્ત કુદરત.

પણ પોતાના પ્યારા, સર્વાધિક લાડીલા નેતાજીનું મૃત્યુ હોઈ જ ન શકે, એ સાહસવીર તો અજર-અમર છે એવી એક લોકભાવના આ અફવાઓ પાછળ જોવા મળે છે.

લોકો તો એમ જ કહે છે કે;

'સિંહને શસ્ત્ર શાં ?
વીરને મૃત્યુ શાં ?'

સન ૧૯૪૭માં હિન્દુસ્તાનને સ્વતંત્રતા મળી ગઈ.

હિન્દુસ્તાન હિન્દુસ્તાન માથી ભારત બન્યું. સુભાષ જીવંત હોય તો પોતાની પવિત્ર માતૃભૂમિના નવલા સ્વરૂપને જોવા ન આવે એવું બને જ નહિ. સ્વતંત્ર ભારતની ચરણ ધૂલીને માથે ચડાવવા સુભાષ અવશ્ય આવ્યા જ હોય, પણ... પણ... કર્નલ હબીબુર રહેમાનની વાત સાચી છે, સુભાષ આપણી વચ્ચે નથી.

છતાંય ઉપર કહ્યું એમ લોકસભા તો હજુય હકીકતોને પડકારતી જ રહી છે, હજુ આવતા સો વરસ સુધી લોકો તો કહેવાના જ;
'સુભાષ જીવંત છે'
'સુભાષ મરે જ નહિ'
'સુભાષ અમર છે'
'સુભાષ અમર છે'
'સુભાષ મૃત્યુંજય છે.'

સંકલન

**ધર્મેન્દ્ર પંડ્યા**
**જલારામ મંદિર, શિકાગો**

# ॥ મંત્ર સાધના ॥

## સંકલન: રજનીકાંત મોદી

મંત્ર એ ધ્યાનપ્રધાન સાધના છે. ભારતીય પરંપરા વાણી અથવા વાકને દેવતા રૂપે સ્વીકારે છે. ઋગ્વેદમાં આપેલા વાગમ્મૃણી સુકલમાં વાણી સહીતની પ્રશંસા કરવામાં આવી છે. વાણી એ બ્રહ્મનું એક સ્વરૂપ છે. જેમાં માનવ કલ્યાણનું અપ્રિતમ સામર્થ્ય છે. જેના પર તેની કૃપા વરસે છે તે સર્વશક્તિમાન બની જાય છે.

અહોમેષ સ્વયગિંદ વદામિ જુષ્ટં દેવેભીરુત માનુષેભિ: ।

યં કામયે તં તમુગ્રં કૃણૌમી તં બ્રહ્માણં તમૃષિં તં સુમોધામ ।।

સારી રીતે ઉચ્ચારવામાં આવેલો પ્રત્યેક શબ્દ લૌકિક તેમજ પરલૌકિક ઇચ્છાઓની પૂર્તિ માટેનું સામર્થ્ય ધરાવે છે. ઈશ્વરનું અવ્યક્ત રૂપ ધ્વનિ છે. જો 'નાદ' એ બ્રહ્મ હોય તો મંત્ર પણ બ્રહ્મ છે. વાણીના સત્ય સ્વરૂપની ઉપાસનાની ભારતીય પરંપરા રહેલી છે. "અસતો મા સદ્ગમય" એ વાકનાં સત્સ્વરૂપનો ઉદ્‌ઘોષ છે.

મંત્ર શબ્દનો અર્થ છે, જે રહસ્યોને વિવેચીત કરે, પરંતુ આ અનુભવનો વિષય છે જેને સાર્વજનિક સ્વરૂપે વ્યવહારનો વિષય બનાવી ન શકાય. મંત્ર હંમેશા ખાનગી રહ્યો છે. તંત્ર શાસ્ત્ર અનુસાર મંત્ર એ છે જે કોઈ દેવતાને પ્રસન્ન કરવા માટે જાપનો વિષય બને. મુખ્યત્વે મંત્ર વ્યક્તિની શક્તિને ઉદીપ્ત કરે છે અથવા કોઈ ગુરુત્તર શક્તિની યાચના કરે છે અને સ્વયંની શક્તિની જાગૃતિથી અથવા વિશ્વની નિયામક શક્તિઓ પરત્વે શ્રધ્ધા વ્યક્ત કરવાથી કે જપ કે મંત્રનું સાધ્ય સ્પષ્ટ થાય છે. મંત્ર દેવતાનું જ સ્વરૂપ છે. મંત્રથી પૃથક દેવતાનું અસ્તિત્વ નથી હોતું.

ગુણાતીત બ્રહ્મનો વિગ્રહ નથી થઈ શકતો, આ કારણે તેને શબ્દના

રૂપમાં સાક્ષાત કરવાનો ઉપાય મંત્ર છે. જેનો ગર્ભધારણ અવસ્થાથી અંતિમ ક્રિયા સુધીની તમામ ક્રિયાઓ મંત્ર દ્વારા પુરી થતી હોય છે, તે જ મંત્ર પ્રયોગનો અધિકારી હોય છે. ઉપનયન પશ્ચાત જ મંત્ર ગ્રહણ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ગુરુ દ્વારા પ્રાપ્ત મંત્ર જ નિયમાનુસાર સાધના માટે ફળદાયક હોય છે, અને તેનાથી સાધક સુખની પ્રાપ્તિ કરી શકે છે. અને અધિકૃત વ્યક્તિ પાસેથી મંત્રગ્રહણ કરવાથી તે નિષ્ફળ થઈ શકે છે.

તમામ મંત્રો અને દેવતાઓના કેન્દ્રમાં શક્તિ છે. મંત્રદાનમાં શાસ્ત્રોએ બે પરિસ્થિતિઓ બતાવી છે. એક એ મંત્ર જે વિધિવત ગ્રહણ કર્યાં બાદ ઉપાસનાથી સિધ્ધ કરવામાં આવે છે. સિધ્ધમંત્ર વ્યક્તિ સ્વસર્જિત સાધના થઈ જાય છે. અને તેને માટે શાસ્ત્રોની મર્યાદાઓ શિથિલ બનાવી દેવામાં આવી છે. બીજા પ્રકારની સ્થિતિમાં સિધ્ધપુરુષ અને કર્મનિષ્ઠ વ્યક્તિ શાસ્ત્રોક્ત મંત્રોનો ઉપયોગ કરી શકે છે. તીર્થો પર સૂર્ય-ચંદ્ર ગ્રહણ વગેરે જેવા વિશેષ પર્વો પર મંત્રગ્રહણ કરવું જોઈએ. મંત્ર સાધનાની પહેલા દીક્ષા ગ્રહણ કરવાથી મનુષ્યને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. મંત્ર જાપ દ્વારા વાયુમાં કંપન ઉત્પન્ન થાય છે. આ કંપનો અથવા તરંગો વાયુમંડળમાં વ્યાપ્ત ઈશ્વર તત્વના માધ્યમથી થોડા જ સમયમાં બ્રહ્માંડની પરિક્રમા કરી નાખે છે. જેવા તેમને અનુકૃત તરંગો પ્રાપ્ત થાય છે, જે તેમનાથી મળે છે અને તેમનું એક સંયુક્ત પુંજ બને છે. આ શક્તિશાળી પુંજના પ્રભાવથી સાધક ઈચ્છીત ઘટના કે કાર્યને મૂર્તરૂપ મળવાનું સુલભ બને છે. મંત્ર ધ્વનિના સૂક્ષ્મ રૂપ છે તેમની શક્તિ અન્ય ભૌતિક પદાર્થોની શક્તિથી જ અતિ સૂક્ષ્મ તે તેટલો જ અધિક શક્તિ સંપન્ન અને પ્રભાવશાળી હોય છે. આ જ કારણે બીજ મંત્ર સૌથી વધુ પ્રભાવશાળી હોય છે. બીજ ગણિતમાં કલ્પિત અક્ષર જેવા જ અને આ મંત્રોના જપ, ઉચ્ચારણ અને કર્મકાંડમાં ગુરુ દ્વારા સૂચિત સાવધાની અને શ્રધ્ધા રાખવી પડતી હોય છે.

કેટલાક મંત્રો સ્વયં શુધ્ધ હોય છે. દા. ત. નૃસિંહ, સૂર્ય, વારાહ, પ્રણવ. મંત્રોની સોધનની આવશ્યકતા નથી હોતી. સ્વપ્નલબ્ધ, સ્ત્રી ગુરુપ્રદત,

ભાલામંત્ર, ત્રયક્ષરી મંત્ર અને વેદોક્ત મંત્રોની શુધ્ધિ અને શોધનની આવશ્યકતા નથી રહેતી. મંત્ર સાધનામાં સફળતા માટે પહેલા જીવન, તાડન, બોધન, અભિષેક, વિમલીકરણ, આધ્યાત્મ, તર્પણ, દીપન તથા ગોપન. આ સંસ્કારો દ્વારા પુષ્ટ કરવો જોઈએ. મંત્ર સાધનામાં જાપની પ્રાથમિકતા છે. આ ધ્વનિ ઘણા પ્રકારની હોઈ શકે. મૌન સ્વર, મંદ સ્વર અથવા મુખર સ્વર. આને જ જાપ વિધાનમાં વાચિક, ઉપાંશુ મૌન અને સસ્વરમાં કહેવામાં આવે છે.

રોગના નાશ, વિવિધ ઐદ્વિક આમુષ્મિક ફળની પ્રાપ્તિ માટે દેવતાઓની પ્રસન્નતા, નવ ગ્રહોની અનુકૂળતા, શત્રુઓનો નાશ તથા વશીકરણ માટેના વિવિધ મંત્રોના જાપનો પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ તંત્ર, મંત્ર સાધનામાં સાધક નિયમો પ્રત્યે સજાગતા કેળવવી. જાણી બુઝીને કે આળસને કારણે નિયમોની અવહેલના કરવાથી નુકશાન થાય છે. આધુનિક વિજ્ઞાનના સંશોધનમાં પણ જોઈએ તો નિયમ વિરુધ્ધ કોઈ દ્રવ્ય તેની માત્રાથી વધે કે ઘટી જાય તો આવિષ્કાર નકામું બની જાય છે. આ પ્રકારે મંત્રોનો ઉપયોગ પણ નિશ્ચિત નિયમથી કરવાથી સાધના સાર્થક બને છે અન્યથા નિષ્ફળ જાય છે.

નિયમ, સમય, મુહૂર્ત મંત્રની શક્તિ વધારે છે. મંત્રના ઉચ્ચારણથી અધિક ફળ તેના ઉપાંશુના જપથી પ્રાપ્ત થાય છે. જેમાં હોઠ હાલતા નથી પરંતુ કેવળ શ્વાસોના આગમનમાંજ અભિષ્ઠ મંત્રોના શબ્દોનો આભાસ થાય છે. રજેમાં મન મંત્ર નિષ્ઠ થઈને જાપનો અભ્યાસ કરે છે. મનની સહજ સંકલ્પ વિકલ્પશીલતા એ મંત્રને સમર્પિત થાય છે. સાધકે સુધ્ધ મન, તનથી પોતાને અનુકૂળ મંત્ર દીક્ષા ગ્રહણ કરવો જોઈએ. જેટલી સંખ્યામાં જાપ કરવામાં આવે છે તેના દસમા ભાગમાં હવન કે હવનના દસમા ભાગનું તર્પણ કરવું જોઈએ તથા આખરે દ્રષ્ટા પૂર્વક બ્રહ્મ ભીજ્ન કરાવીને જપની પુર્ણાહુતી કરવી જોઈએ.

# જલારામ કૃપા

પૂજ્ય ભક્તજનો,

આશા છે સર્વે કુશળ હશો. મને પૂજ્ય બાપમાં ખુબજ શ્રધ્ધા અને આત્મવિશ્વાશ છે અને દિવસે દિવસે તેમાં વધારો થતો રહે છે. કોઈ પણ સમયે મારી ઉપર આપત્તિ આવે ત્યારે હું બાપાને યાદ કરું છું અને બાપા મારી સહાય કરવા માટે દોડી આવે છે. હું દરરોજ નિયમિત બાપાને પ્રાર્થના કરું છું. મારા ઉપર એક આપત્તિ આવી હતી તો તેને માટે મેં માનતા રાખી હતી અને મને તેમાંથી છુટકારો મળ્યો હતો. તો આ સાથે હું $ ૨૫.૦૦ નો ચેક મોકલું છું જે બાપાના ચરણાર્વિન્દ માં ધરાવી દેશો અને મને બાધા માંથી મુક્ત કરશો.

જય જય શ્રી જલારામ બાપા,

જલારામ બાપાની કૃપા અમારા ઉપર અપરંપાર છે. મે મહિનામાં મારી અને મારા પતિની બ્લડ ટેસ્ટની મને ખુબજ ચિંતા હતી પણ બાપાની કૃપાથી બધુજ નોર્મલ આવ્યું. જુલાઈ માં મારી તબિયત ફરીથી બગડી. પછીથી ઘણાબધા ટેસ્ટ કરાવ્યા, કારોના નો ટેસ્ટ પણ નોર્મલ આવ્યો. આ બધું બાપાની કૃપા અને આશીર્વાદ થી જ થયું છે.

- શિલ્પા મેહતા

ૐ સાંઇરામ, જય જલારામ,

મારી બધીજ મુશ્કેલી માં તમને યાદ કર્યા ને બધુજ સારું થઇ તો તમારો પરચો છપાવીશ. આ સાથે જ મારી બધી જ ચિંતા દૂર થઇ અને હવે ખુબજ સારું છે. મારા પરિવાર સાથે હંમેશા રહેજો. જલાબાપા જેવી અમારી સહાય કરી તેવી સહુની કરશો.

જય શ્રી જલારામ બાપાના ચરણો માં કોટી કોટી વંદન. બાપા સૌ ભક્તો ની આશા અને મનોકામના પૂર્ણ કરે છે. મને બે મહિના પહેલા કરોના વાઇરસ

પોઝિટિવ આવ્યો હતો. પંદર દિવસ પછી ટેસ્ટ કરાવ્યો તો જલારામ બાપા ની કૃપાથી નેગેટિવ થઇ ગયો અને માનતા માની કે સારું થઇ જાય તો હું પરચો છપાવીશ જે મેં આ માનતા પુરી કરી છે.

જય જલારામ,

મારા જમાઈ ના વિઝા પેપર વર્ક માં પ્રોબ્લેમ આવતો હતો. જલારામ બાપાની માનતા માની તો બીજા દિવસેજ તેમના પેપર નો પ્રોબ્લેમ દૂર થયો.

- રોશની ઠક્કર

જય શ્રી જલારામ,

મારી દીકરી માસ્ટર થયા પછી સારા માર્ક્સ સાથે પાસ થયા પછી જોબ ઓફર આવે તો રિજેક્ટ થતી હતી. એક દિવસ દોઢ કલાક ઇન્ટરવ્યૂ ચાલ્યો. બાપાને બે હાથ જોડી પરચો છપાવવા ની બાધા રાખી કે તુર્તજ તેને ઓફર આવી ગઈ. બાપા હાજરા-હજુર છે.

- રોશની

જય શ્રી જલારામ,

જલારામ બાપાની અસીમ કૃપાથી અને તેમની અમી દૃષ્ટિ થી મેં જે માનતા રાખી હતી તે આજે પુરી થઈ ગઈ છે. બાપાએ મારુ કામ પૂરું પાડયું છે.

પૂજ્ય જલારામ બાપાની કૃપાથી મે મારી દીકરી ને સારી રીતે કોલેજ માં એડમિશન મળી જાય અને ખુબજ સારી રીતે ભણવાનું આગળ વધે તે માટે મેં પરચો છપાવવાની માનતા માની હતી તે પુરી કરી.સાથે સાથે મારા દીકરા ને પણ સારી જોબ મળે તેવી અરજી કરી હતી તે પણ પુરી કરી છે. પૂરું કરી રહી છું

બસ બાપા આજ રીતે બધાને તમારા પરચા મળતા રહે તેવી પ્રાર્થના.

જય જલારામ,

આપના ચરણોમાં કોટી કોટી વંદન. મારા પુત્ર અલર્કને બાપાને કૃપાથી પ્રમોશન મળ્યું છે.અમારા સમગ્ર પરિવાર પર બાપાની અસીમ કૃપા વરસે છે.

- શીલા ના વંદન.

શ્રી જલારામ,

મારી દીકરી અને જમાઈ વચ્ચે થોડી બાબત માં ગેરસમજ થઇ હતી. મેં પૂજ્ય જલારામ બાપાને પ્રાર્થના કરી કે તેમની વચ્ચે ગેરસમજ દૂર થાય અને સારી રીતે સંપીને રહે. હવે ખરેખર બાપા એ મારી પ્રાર્થના સાંભળી અને તેના થકી તે બંનેની વચ્ચે જે અણબનાવ હતો તે દૂર થઇ ગયો અને તેઓ બંને સારી ખુશી થી રહે છે. બાપાએ ખરેખર અમારા પરિવાર ની નાની મોટી ઘણી સમસ્યા દૂર કરી છે. શ્રી જલારામ બાપા હાજરા હજુર છે.

- મયુરીબેન ગાંધી

જય જલારામ બાપા,

મેં મારા કામની માનતા રાખી હતી તે અંગે જણાવવાનુંકે બાપાની અસીમ કૃપાથી મારી કોર્ટની પ્રોસીજર હતી તે સારી રીતે થઈ ગઈ હતી. બીજુ કે મારી બેન્કની ચિંતા હતી તે પણ દૂર થઇ ગઈ છે.

- જયંતીભાઈ પટેલ, એટલાન્ટા

**તા.ક.**

આપને જો કોઇ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી છાપવામાં આવશે.

# વીરબાઈમા હોલ

આપના ઘરમાં આવતા કોઈપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઈ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને ભુપેન્દ્રભાઈનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ અથવા હસમુખભાઈનો ૮૪૭-૩૭૧-૧૦૯૮ પર સંપર્ક કરવા વિનંતિ છે

## નિયમિત કાર્યક્રમો

**ભજન**

દર ગુરુવારે : સાંજે ૬:૦૦-૭:૪૫

પ્રથમ તથા ત્રીજા રવિવારે :સાંજે ૫:૩૦-૭:૪૫

**સુંદરકાંડ પાઠ**

દર શનિવારે : સવારે ૯:૩૦-૧૧:૩૦

**વિષ્ણુ અભિષેક**

દર અગિયારસના દિવસે : સાંજે ૬:૦૦-૭:૦૦

**શિવજી અભિષેક**

દર સોમવારે : સાંજે ૬:૦૦-૭:૦૦

## : આરતીના સમય :

મંગળા આરતી - સવારે ૭:૩૦

શણગાર આરતી - સવારે ૯:૦૦

સંધ્યા આરતી - સાંજે ૭:૩૦

## : દર્શન સમય :

સવારે ૭:૦૦ થી બપોરે ૧૨:૩૦

બપોરે ૪:૦૦ થી રાત્રે ૮:૩૦

# Trustees and Office Bearers
# 2021 - 2022

## TRUST BOARD

| | |
|---|---|
| BAKUL THAKKAR | Chairman |
| MAHESH PATEL | Vice Chairman |
| JASHVANT PATEL | Controller |
| YOGESH THAKKAR | General Secretary |
| BHUPENDRA THAKKAR | Treasurer |
| ASHISH THAKKAR | Bal Vihar/Youth |
| ASHWIN THAKKAR | Office |
| CHANDULAL THAKKAR | Maintenance |
| CHIRAYU PARIKH | Public Relations |
| HASMUKH THAKKAR | Maintenance/Reservation |
| RAJESH THAKKAR | Event Planner |

## EXECUTIVE BOARD

| | |
|---|---|
| RAJENDRA THAKKAR | President |
| DIPAK (GOPAL) THAKKAR | Vice President |
| BHAVNA THAKKAR | Secretary |
| CHANDRAKANT THAKKAR | Kitchen |
| DHAVAL THAKKAR | Kitchen |
| GHANSHYAM PATEL | Maintenance |
| HARIVADAN THAKKAR | Cultural / Bhajan |
| JIGNA THAKKAR | Public Relations |
| NAYANA SONI | Cultural |
| VIJAY THAKKAR | Kitchen |
| PRAKASH THAKKAR | Kitchen |